**૫૦થી વધુ પેટી વિદેશી દારૂ ઝડપાયો, ચાર આરોપી પકડાયા લીસ્ટેડ બુટલેગર ફરાર જાહેર**

# બુટલેગરના ધમધમતા અડ્ડા પર SMCની રેડ પાણીગેટ પોલીસના PI અને સ્ટાફનું ફરી નાક કપાયું

**આટલી** મોટી માત્રામાં દારૂનું વેચાણ થતું હોય તો પછી પીઆઇ એ બી પટેલ સહિતના સ્ટાફને કેમ દેખાતું ન હતું ?



(પ્રતિનિધિ) વડોદરા તા.29

વડોદરા શહેરમાં બુટલેગરો બેફામ બની વિદેશી દારૂનો ધંધો કરતા હોવાના આક્ષેપો વચ્ચે પાણીગેટ પોલીસ સ્ટેશન વિસ્તારમાં લીસ્ટેડ બુટલેગરના દારૂના અડ્ડા પર સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) એ રેડ કરી 50થી વધુ પેટી વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. રેડ દરમિયાન બે આરોપીઓ પોલીસના હાથે ઝડપાયા હતા, જ્યારે મુખ્ય બુટલેગર સ્થળ પર હાજર ન હોવાથી તેને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે. એસએમસી રેડ કરી પરંતુ પાણીગેટ પોલીસ સ્ટેશનના પી.આઈ એવી પટેલ સહિતનો સ્ટાફ જાણે કુંભકર્ણની નિદ્રામા હોય તેમ ઊંઘતો ઝડપાયો હતો. તારે એસએમસી રેડ કરીને ફરી પાણીગેટ પોલીસ સ્ટેશનના પીઆઈ સહિતના સ્ટાફનુ નાક કાપી નાખ્યું હોય તેવી ચર્ચા પણ શરૂ થઈ ગઈ છે.

પાણીગેટ પોલીસ સ્ટેશન વિસ્તારમાં બુટલેગર દ્વારા મોટા પાયે વિદેશી દારૂનું વેચાણ કરવામાં આવતું હોવાની બાતમી સ્ટેટ મોનિટરિંગ સેલને મળતાં 29 સપ્ટેમ્બરના રોજ ટીમે દરોડો પાડ્યો હતો. રેડ દરમિયાન ઘરમાંથી 50થી વધુ પેટી વિદેશી દારૂ મળી આવતા SMCની ટીમ પણ ચોંકી ઉઠી હતી. પોલીસે દારૂના જથ્થા સાથે બે આરોપીઓને ઝડપી પાડ્યા હતા, જ્યારે બુટલેગર હાજર ન હોવાથી તેને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો હતો.

SMCની આ કાર્યવાહી બાદ હવે સૌથી મોટો સવાલ એ ઉઠી રહ્યો છે કે જો પાણીગેટ વિસ્તારમાં આટલા મોટા પ્રમાણમાં દારૂનો જથ્થો સંગ્રહિત કરી વેચાણ થતું હતું તો સ્થાનિક પોલીસને તેની જાણ કેમ ન થઈ? ખાસ કરીને લીસ્ટેડ બુટલેગર હોવા છતાં તેની સામે અગાઉ સ્થાનિક પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી કે નહીં તે મુદ્દે પણ સવાલો ઊભા થયા છે.

SMCની ટીમે રેડ કરીને દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો ત્યાં સુધી સ્થાનિક પાણીગેટ પોલીસને જાણ ન હોવાના આક્ષેપોને પગલે પાણીગેટ પોલીસની કામગીરી સામે પણ ચર્ચા શરૂ થઈ છે. SMCએ ઝડપી પાડેલા બંને આરોપીઓ તથા મુદ્દામાલને પાણીગેટ પોલીસને સોંપી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. હવે સ્થાનિક પોલીસ બુટલેગરને ક્યારે ઝડપી પાડે છે અને તેના દારૂના નેટવર્કમાં અન્ય કોણ સંકળાયેલું છે તે તપાસમાં બહાર આવે છે કે નહીં તેના પર નજર રહેશે.

## ઓડ ગામે બાઈકની અડફેટે આવેલા બાળકનું સારવાર દરમિયાન મોત

(પ્રતિનિધિ) વડોદરા તા.29

ન્યૂ સમા રોડના ખોડીયાર નગરમાં રહેતા પરિવારના 6 વર્ષના પુત્ર અંશુ ઉદય કુશવાહાનું અકસ્માત બાદ સારવાર દરમિયાન મોત થયું છે. 25 સપ્ટેમ્બરે ઉમરેઠ તાલુકાના ઓડ ગામે રોડ ક્રોસ કરતી વખતે પૂરઝડપે આવેલા અજાણ્યા બાઈકચાલકે અંશુને અડફેટે લીધો હતો.



અકસ્માતમાં બાળકને માથા તેમજ ડાબા હાથ અને પગમાં ગંભીર ઈજાઓ થઈ હતી. તેને તાત્કાલિક વડોદરાની સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. તબીબોએ સારવારના પ્રયાસો કર્યા હતા, પરંતુ 29 સપ્ટેમ્બરે સારવાર દરમિયાન અંશુએ દમ તોડી દીધો હતો. પુત્રના મોતથી પરિવાર પર આભ તૂટી પડ્યું હતું. અકસ્માત બાદ ફરાર બાઈકચાલક સામે કાર્યવાહી કરી તેને ઝડપી પાડવાની પરિવારજનોએ માંગ કરી છે.

**કેસ કાઉન્ટરની ધીમી કામગીરીથી દર્દીઓને પણ લાંબો સમય લાઇનમાં ઊભા રહેવાની ફરજ**

# સયાજી હોસ્પિટલમાં OPD કેસ કઢાવવા લાંબી કતારો, દર્દીઓમાં રોષ

**ત્રીજી** બારી બંધ હોવા છતાં લોકો કતારમાં ઊભા રહ્યા, માર્ગદર્શનના અભાવે હોસ્પિટલ પરિસરમાં અવ્યવસ્થા



(પ્રતિનિધિ) વડોદરા તા.29

શહેરની સયાજી હોસ્પિટલમાં OPD કેસ કઢાવવા માટે દર્દીઓ અને તેમના પરિવારજનોને હાલાકી વેઠવી પડી હતી. સવારથી જ કેસ કાઉન્ટર પર લાંબી કતારો જોવા મળી હતી. લાંબા સમય સુધી લાઈનમાં ઊભા રહેવા છતાં વારો ન આવતાં દર્દીઓ અને પરિવારજનોમાં રોષ જોવા મળ્યો હતો.

દર્દીઓના પરિવારજનોએ જણાવ્યું હતું કે તેઓ લાંબા સમયથી કતારમાં ઊભા હોવા છતાં કેસ કાઉન્ટર સુધી પહોંચી શક્યા નહોતા. ભીડ વચ્ચે એક ગર્ભવતી મહિલાને પણ લાંબો સમય લાઈનમાં ઊભા રહેવું પડ્યું હતું. કેસ કાઉન્ટરની ધીમી કામગીરીને કારણે વૃદ્ધો અને અશક્ત દર્દીઓને પણ મુશ્કેલી પડી હતી.

દરમિયાન કેટલાક લોકો હોસ્પિટલના સ્ટાફ સાથે ઓળખાણ હોવાનું જણાવી કતાર છોડીને આગળ જવાનો પ્રયાસ કરતા હોવાની ફરિયાદ પણ સામે આવી હતી. જેના કારણે નિયમસર લાઈનમાં ઊભેલા દર્દીઓમાં અસંતોષ ફેલાયો હતો. હોસ્પિટલ પરિસરમાં ત્રીજા નંબરની બારી બંધ હોવા છતાં અનેક લોકો ત્યાં જ કતારમાં ઊભા રહ્યા હતા. યોગ્ય સાઈનબોર્ડ કે માર્ગદર્શનના અભાવે આવી સ્થિતિ સર્જાઈ હોવાનું દર્દીઓએ જણાવ્યું હતું. પરિણામે કતારોમાં વધુ ગેરસમજ અને ભીડ જોવા મળી હતી. દર્દીઓ અને પરિવારજનોએ હોસ્પિટલ તંત્ર પાસે કેસ કાઉન્ટર પર પૂરતો સ્ટાફ ગોઠવવા, કતાર વ્યવસ્થા સુદૃઢ કરવા, બંધ બારીઓ અંગે સ્પષ્ટ સૂચના મૂકવા અને દર્દીઓને યોગ્ય માર્ગદર્શન મળે તેવી વ્યવસ્થા કરવાની માંગ કરી છે. ખાસ કરીને વૃદ્ધો, ગર્ભવતી મહિલાઓ અને અશક્ત દર્દીઓ માટે પ્રાથમિકતા આધારિત સુવિધા ઉપલબ્ધ કરાવવાની પણ માંગ ઉઠી છે.

**જીએસએફસી યુનિવર્સિટી ખાતે કાર્યક્રમ યોજાયો**

## ટેક્નોલોજી, ઈનોવેશન અને વૈશ્વિક અનુભવને મજબૂત બનાવવા IEEE સ્ટુડન્ટ બ્રાન્ચની શરૂઆત

(પ્રતિનિધિ) વડોદરા તા.29

જીએસએફસી યુનિવર્સિટી દ્વારા ટેક્નોલોજી, ઈનોવેશન અને ઈન્ડસ્ટ્રી-ઓરિએન્ટેડ લર્નિંગ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરતાં કેમ્પસમાં IEEE સ્ટુડન્ટ બ્રાન્ચની સ્થાપના કરવામાં આવી છે. ટેક્નોલોજી અને ઈનોવેશનને આગળ વધારવા માટે કાર્યરત વૈશ્વિક નોન-પ્રોફિટ સંસ્થા IEEE દ્વારા મંજૂર કરાયેલ આ બ્રાન્ચનું ઔપચારિક ઉદ્ઘાટન IEEE સેન્સર્સ કાઉન્સિલ 2026-27ના પ્રેસિડેન્ટ પ્રોફ. (ડૉ.) અનિલ કે. રોય દ્વારા કરવામાં આવ્યું હતું. IEEE સ્ટુડન્ટ બ્રાન્ચની સ્થાપના યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીઓને ટેક્નિકલ લર્નિંગ, રિસર્ચ અને પ્રોફેશનલ ક્ષેત્રે જોડાવા માટે વધુ તકો પૂરી પાડવાના પ્રયાસોમાં એક મહત્વપૂર્ણ સિદ્ધિ છે. આ બ્રાન્ચના માધ્યમથી વિદ્યાર્થીઓ નવી અને ઉભરતી ટેક્નોલોજી વિશે જાણી શકશે, ટેક્નિકલ અને રિસર્ચ



આધારિત પ્રવૃત્તિઓમાં ભાગ લઈ શકશે, વિવિધ વિષયોના વિદ્યાર્થીઓ સાથે મળીને કામ કરી શકશે તેમજ વૈશ્વિક IEEE નેટવર્ક સાથે જોડાયેલા પ્રોફેશનલ્સ અને સ્ટુડન્ટ કમ્યુનિટીઝ સાથે સંપર્ક કરી શકશે. IEEE સ્ટુડન્ટ બ્રાન્ચ વિદ્યાર્થીઓ માટે ટેક્નિકલ ટૉક્સ, વર્કશોપ્સ, સેમિનાર્સ, સ્પર્ધાઓ, પ્રોજેક્ટ્સ અને અન્ય નૉલેજ-શેરિંગ પ્રવૃત્તિઓનું આયોજન કરવા તથા તેમાં ભાગ લેવા માટે એક પ્લેટફોર્મ પૂરું પાડશે. આ ઉપરાંત, વિવિધ ટેક્નોલોજી ડોમેન્સમાં કાર્યરત નિષ્ણાતો અને અન્ય વિદ્યાર્થીઓ સાથે સંવાદ કરવાની તક પણ મળશે.

## વિવેકાનંદ યુવા ભારતી ક્રીડાંગણ ખાતે જામશે ફૂટબોલનો રોમાંચ

(પ્રતિનિધિ) વડોદરા તા.29

પૂર્વીય ભારતની અગ્રણી વેલ્યુ ફેશન રિટેલ ચેઈન પૈકીની એક સ્ટાઈલ બજાર ભારતની આગામી મહત્વપૂર્ણ આંતરરાષ્ટ્રીય ફૂટબોલ મેચો માટે પ્રિન્સિપલ પાર્ટનર તરીકે જોડાઈ છે. કોલકાતાના વિવેકાનંદ યુવા ભારતી ક્રીડાંગણ (સોલ્ટ લેક સ્ટેડિયમ) ખાતે 3 ઓક્ટોબરે ભારત પાંચ વખતની ફિફા વર્લ્ડ કપ ચેમ્પિયન બ્રાઝિલ સામે, જ્યારે 6 ઓક્ટોબરે બે વખતની ચેમ્પિયન ઉરુગ્વે સામે ટકરાશે. કોલકાતા લાંબા સમયથી ફૂટબોલપ્રેમી શહેર તરીકે ઓળખાય છે અને આ બંને મુકાબલા શહેરની ફૂટબોલ સંસ્કૃતિને વૈશ્વિક મંચ સાથે જોડશે. ખાસ કરીને ભારત-બ્રાઝિલ મુકાબલો ચાહકો માટે વિશેષ આકર્ષણનું કેન્દ્ર બનવાની અપેક્ષા છે. સ્ટાઈલ બજારના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર શ્રેયાંસ સુરાનાએ જણાવ્યું કે કોલકાતામાં ફૂટબોલ માત્ર રમત નહીં પરંતુ લાગણી છે. બ્રાઝિલનું સ્વાગત અને ઉરુગ્વે સામેનો મુકાબલો શહેર માટે યાદગાર રમતગમત પ્રસંગ બનશે. તેમણે ઉમેર્યું કે આ ભાગીદારી યુવાનો, સંસ્કૃતિ, આકાંક્ષા અને સહિયારા અનુભવો સાથે બ્રાન્ડના જોડાણને વધુ મજબૂત બનાવે છે.

**રાત્રે ચંદ્ર દર્શન અને મહાઆરતીનું ભવ્ય આયોજન**

## વડોદરામાં અંગારિકા સંકષ્ટ ચતુર્થી નિમિત્તે ગણેશ મંદિરોમાં ભક્તો ઉમટ્યા

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૯

વડોદરા ભાદરવા ત્રીજ અને ચોથના સમન્વય તેમજ મંગળવાર અને કૃષ્ણ પક્ષની ચતુર્થીના સંયોગથી પાવનકારી એવી અંગારિકા સંકષ્ટ ચતુર્થી શ્રદ્ધા અને ઉત્સાહ સાથે ઉજવવામાં આવી રહી છે. આજના પવિત્ર દિવસે વડોદરા શહેરમાં આવેલા ગણેશ મંદિરોમાં વહેલી સવારથી જ ભક્તોની ભારે ભીડ જોવા મળી હતી. શહેરના મધ્ય ભાગમાં આવેલા દાંડિયા બજાર સ્થિત પ્રસિદ્ધ સિદ્ધિવિનાયક મંદિરે ભક્તો ઉમટી પડ્યાં હતાં, જ્યાં સવારથી શરૂ થયેલો ભક્તોનો આ પ્રવાહ રાત્રે ચંદ્રોદય સુધી અવિરત જારી રહેનાર છે. અંગારિકા ચતુર્થીના પર્વ નિમિત્તે વડોદરા શહેરના મુખ્ય વિસ્તારો જેવા કે દાંડિયા બજાર મેઈન રોડ સ્થિત સિદ્ધિવિનાયક મંદિર, નીલકંઠેશ્વર મહાદેવ પરિસર, રાવપુરા ભવકાળની ગલીમાં રિદ્ધિ-સિદ્ધિ ગણેશજી, માંજલપુરની ગજાનંદ સોસાયટીમાં



ખેડકરના ગણપતિ, વાડી ગુંડીરાજ તેમજ ગાજરાવાડી લક્ષ્મી ગણપતિ સહિતના તમામ ગણેશ મંદિરોમાં ભક્તોએ વહેલી સવારથી જ પહોંચીને બાપાના દર્શન કર્યા હતા. ધાર્મિક વિધિ અનુસાર, આ દિવસે સવારે ગણેશજીને કેસર સ્નાન અને બપોરે વિશેષ અભિષેક કરવામાં આવ્યો હતો. જ્યોતિષશાસ્ત્ર અને શાસ્ત્રો અનુસાર, જ્યારે મંગળવાર અને કૃષ્ણ ચતુર્થી એકસાથે આવે ત્યારે તેને 'અંગારિકા સંકષ્ટ ચતુર્થી' કહેવામાં આવે છે. એવી પ્રબળ માન્યતા છે કે અંગારીકી ચોથનું વ્રત અથવા પૂજન કરવાથી આખા વર્ષ દરમિયાન આવતી તમામ ચતુર્થીઓનું પુણ્ય ફળ એકસાથે પ્રાપ્ત થાય છે.

## વડોદરાના સિંધરોટ રોડ પર બાઈક પટલી જતાં વૃદ્ધનુ મોત

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૯

વડોદરા શહેરના સિંધરોટ રોડ પર એક હૃદયદ્રાવક અકસ્માતની ઘટના સામે આવી છે, જેમાં ચાલુ મોટરસાઈકલ પરથી અચાનક પડી જવાથી ગંભીર રીતે ઘાયલ થયેલા ૬૫ વર્ષીય વૃદ્ધનું સારવાર દરમિયાન સયાજી હોસ્પિટલમાં મોત નીપજ્યું છે. આ અચાનક બનેલી દુર્ઘટનાથી મકવાણા પરિવારમાં ભારે શોક છવાય ગયો છે. શ્રમ મંદિર, સિંધરોટ રોડ ખાતે રહેતા કૈલાસભાઈ રાજીવભાઈ મકવાણા. ઉંમર વર્ષ ૬૫. ગત શુક્રવારના રોજ પોતાના કામકાજ અર્થે બાઈક લઈને નીકળ્યા હતા. તે દરમિયાન સિંધરોટ વિસ્તારમાં અચાનક ચાલુ બાઈક પરથી સંતુલન બગડતા તેઓ રોડ પર પટકાયા હતા. આ અકસ્માતમાં તેમને માથાના ભાગે અને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માત બાદ સ્થાનિકોની મદદથી ઈજાગ્રસ્ત કૈલાસભાઈને ત્વરિત સારવાર માટે નજીકની ગોત્રી GMERS હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

**ઉપવાસ - એક વૈજ્ઞાનિક અભિગમ'**

## 11 ઓક્ટોબરે ઉપવાસને વૈજ્ઞાનિક અભિગમથી સમજાવતો જાહેર પરિસંવાદ

(પ્રતિનિધિ) વડોદરા તા.29

વડોદરાના નિસર્ગોપચાર કેન્દ્ર દ્વારા 'સર્વાંગીણ સ્વાસ્થ્ય માટે ઉપવાસ - એક વૈજ્ઞાનિક અભિગમ' વિષય પર જાહેર પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું છે. આ પરિસંવાદ રવિવાર, 11 ઓક્ટોબર 2026ના રોજ સવારે 9થી બપોરે 12:30 વાગ્યા સુધી મેડિકલ કોલેજ ઑડિટોરિયમ, SSG હોસ્પિટલ, વડોદરા ખાતે યોજાશે. પરિસંવાદનો મુખ્ય હેતુ ઉપવાસ અંગે જાગૃતિ કેળવવાની સાથે તેના વિવિધ પાસાં અંગે માહિતીપૂર્ણ સમજ વિકસાવવાનો છે. કાર્યક્રમમાં છ વક્તાઓ દ્વારા ઉપવાસને આધુનિક વિજ્ઞાન, આયુર્વેદ, નિસર્ગોપચાર, આધ્યાત્મિકતા, ખોરાક સંસ્કૃતિ અને દૈનિક જીવનમાં સુરક્ષિત ઉપવાસ જેવા છ અલગ દૃષ્ટિકોણથી સમજાવવામાં આવશે. વક્તાઓમાં ડૉ. જે.ડી. લખાણી, વૈદ્ય હિતેશ વ્યાસ, ડૉ. જીવનલાલ ગાંધી, પ્રવ્રાજિકા જ્ઞાનમયપ્રાણા માતાજી, લેખક સોપાન જોશી અને ડૉ. અવિનાશ સાવજીનો સમાવેશ થાય છે. કાર્યક્રમમાં ઉપવાસની પ્રાસંગિકતા, યોગ્યતા અને દૈનિક જીવનમાં તેના સુરક્ષિત ઉપયોગ અંગે ચર્ચા થશે. પરિસંવાદમાં પ્રવેશ નિઃશુલ્ક પરંતુ નોંધણી ફરજિયાત છે.


**જીલ્લા જળ અને સ્વચ્છતા એકમ, પંચમહાલ**
**જાહેર નિવિદા નં - ૦૨, સને ૨૦૨૬-૨૭**

આદિજાતિ જીલ્લાઓના આદિજાતિ ગામો માટે "મરામત અને નિભાવણી પ્રોત્સાહન અને પુરસ્કાર યોજના" હેઠળ નીચે મુજબના માપદંડોની વિગતે સારી કામગીરી હાથ ધરેલ હોય તેવી આદિજાતી ગ્રામ પંચાયત પાસેથી અરજી મંગાવવામાં આવે છે.

ગ્રામ્ય કક્ષાની પાણી પુરવઠા યોજનાનું અસરકારક સંચાલન, પાણી પુરવઠા યોજના લગત ફરિયાદની સંખ્યા અને તેનો નિકાલ, લીકેજીસ, મોટર કે અન્ય રીપેરીંગની કામગીરીમાં અસરકારકતા, પાણીવેરાની વસુલાત, પાણી વિતરણની નિયમિતતા, ઓપરેટરની નિમણુક-કામગીરી અને પાણી ગુણવતા ચકાસણી વગેરે જેવા માપદંડોમાં સારી કામગીરી કરેલ હોય તેવી રસ ધરાવતી પંચમહાલ જીલ્લાની તમામ આદિજાતિ ગામોની ગ્રામ પંચાયતો "મરામત અને નિભાવણી પ્રોત્સાહન અને પુરસ્કાર યોજના" હેઠળ લાભ મેળવવા નીચે મુજબના સરનામે પંચાયતના લેટર પેડ ઉપર અરજી, રજી. એડી. કે રૂબરૂ તારીખ ૨૧.૧૦.૨૦૨૬ કચેરી સમય સુધીમાં પહોચે તે રીતે આપવાની રહશે. આ મળેલ અરજી મુજબની તમામ ગ્રામ પંચાયતોનું જીલ્લા વિકાસ અધિકારીશ્રીની અધ્યક્ષતા હેઠળની કમિટીના સભ્યો મારફત નિયત માપદંડો મુજબ કામગીરીનું મૂલ્યાંકન કરવામાં આવશે અને મૂલ્યાંકનના આધારે, જીલ્લા કક્ષા અને રાજ્ય કક્ષાની કમિટીમાં નિયત માપદંડોને આધારે સારું પરફોર્મન્સ ધરાવતી આદિજાતી ગ્રામ પંચાયતની પસંદગી કરવામાં આવશે. આમ, આ સારું પરફોર્મન્સ ધરાવતી પસંદ થયેલ આદિજાતી ગ્રામ પંચાયતને રૂ.૨,૦૦,૦૦૦/- પ્રોત્સાહન રકમ મળવાપાત્ર થશે.

અરજી માટેનું સરનામું :-

યુનિટ મેનેજરશ્રીની કચેરી,
જીલ્લા જળ અને સ્વચ્છતા એકમ, બીજો માળ, "જલ ભવન" જુની
આર.ટી.ઓ. ઓફીસની પાસે ગોધરા - ૩૮૯૦૦૧, ફોન નં - ૦૨૬૭૨ - ૨૪૦૦૬૭

ગ્રામ્ય કક્ષાની પાણી પુરવઠા યોજનાઓ માટે રાજ્યકક્ષાએ દિવસ રાત કંટ્રોલ રૂમ કાર્યરત છે. જ્યા ટોલ ફ્રી નંબર - ૧૯૧૬ ઉપર પાણી સબંધિત ફરિયાદ / સુચનો માટે સંપર્ક કરી શકાય. (માહિતી/ગોધરા/૫૨૮/૨૬)


## એમએસયુ ખાતે ABVPના યુવા ઉદ્ઘોષ કાર્યક્રમમાં નવી કારોબારી જાહેર



પ્રમુખ તરીકે મીનેન્દ્રસિંહ ચૌહાણ અને મંત્રી તરીકે આયુષભાઈની વરણી

(પ્રતિનિધિ) વડોદરા તા.29

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ખાતે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા યુવા ઉદ્ઘોષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન એમએસ યુનિવર્સિટી યુનિટની નવી કારોબારીની જાહેરાત કરવામાં આવી હતી. નવી કારોબારીમાં પ્રમુખ તરીકે મીનેન્દ્રસિંહ ચૌહાણ અને મંત્રી તરીકે આયુષભાઈની વરણી કરવામાં આવી છે. નવી ટીમની જાહેરાત બાદ વિદ્યાર્થી શક્તિના પ્રતીક રૂપે કેમ્પસમાં બાઈક રેલીનું આયોજન કરી નવા હોદ્દેદારોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે એબીવીપીના રાષ્ટ્રીય મંત્રી હર્ષિત નનોમા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના કાર્યકરો 365 દિવસ વિદ્યાર્થીઓના પ્રશ્નો માટે સંઘર્ષ કરે છે. સુરક્ષા હોય, પરીક્ષા પરિણામનો વિષય હોય કે કેમ્પસના અન્ય પ્રશ્નો હોય, દરેક મુદ્દે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદનો કાર્યકર સક્રિય રહે છે. તેમણે વધુમાં વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે નવા વરાયેલા હોદ્દેદારો સમગ્ર વર્ષ દરમિયાન વિદ્યાર્થીઓના હિત અને તેમની સમસ્યાઓના નિરાકરણ માટે સતત કાર્યરત રહેશે.

## શેલા જૈન શ્રીસંઘ, આચાર્ય પદ્મસાગરસૂરીશ્વરજીનો ૯૨મો જન્મોત્સવ ઉજવાયો



(પ્રતિનિધિ) વડોદરા તા.29

શેલા ખાતે જૈન શ્રીસંઘ દ્વારા રાષ્ટ્રસંત આચાર્ય શ્રી પદ્મસાગરસૂરીશ્વરજી મહારાજનો ૯૨મો જન્મોત્સવ 'પદ્મ ચરણનો પ્રેમ' શીર્ષક હેઠળ ભક્તિભાવ અને ઉત્સાહપૂર્વક ઉજવાયો હતો. દેશભરમાંથી આવેલા મોટી સંખ્યામાં ગુરુભક્તોએ કાર્યક્રમમાં હાજરી આપી હતી. કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકારિતા મંત્રી અમિતભાઈ શાહ સહિત અનેક મહાનુભાવો વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આચાર્યના જૈન ધર્મ, ભારતીય સંસ્કૃતિ, જ્ઞાન અને સાહિત્યના સંરક્ષણ માટેના પાંચ દાયકાના યોગદાનને આ પ્રસંગે યાદ કરવામાં આવ્યું હતું.

# વડોદરા મંડળના ખંડાલા-ટાંડા રોડ રેલખંડમાં રેલવે સુરક્ષા અંગે જાગૃતિ અભિયાન

( પ્રતિનિધિ )વડોદરા,તા.29

પશ્ચિમ રેલવેના વડોદરા મંડળ દ્વારા રેલ પરિચાલનની સુરક્ષા સુનિશ્ચિત કરવા અને રેલવે પાટા પર પથ્થર કે લોખંડ જેવી નક્કર વસ્તુઓ મૂકવાની ખતરનાક પ્રવૃત્તિને રોકવા માટે ખંડાલા-ટાંડા રોડ રેલખંડમાં વિશેષ જનજાગૃતિ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. વડોદરા મંડળના જનસંપર્ક અધિકારી દ્વારા જણાવાયા મુજબ, રેલવે સુરક્ષા દળ અને પરિચાલન વિભાગ દ્વારા સંયુક્ત રીતે આ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. અલીરાજપુરના ઈન્સ્પેક્ટર અને ટ્રાફિક



ઈન્સ્પેક્ટરના નેતૃત્વમાં રેલવે લાઈન નજીકના સંવેદનશીલ વિસ્તારોની ઓળખ કરી જાગૃતિ કાર્યક્રમો યોજાયા હતા. સબ ઈન્સ્પેક્ટર મનોજ બોરાસી અને તેમની ટીમે ગામડાઓમાં જઈ ગ્રામજનો સાથે સીધો સંવાદ કર્યો હતો. અભિયાન અંતર્ગત ચમાર બેગડા, બેટવાસા, કોસધુના અને કોયલા બાયડા ગામની સરકારી શાળાઓમાં વિદ્યાર્થીઓને રેલવે લાઈન ઓળંગવા અને પાટા પર ચાલવાના જોખમો વિશે વિસ્તારથી સમજાવવામાં આવ્યું હતું.

## અનાથ અને દિવ્યાંગ બાળકોના આશ્રમમાં આકાશવાણી પરિવારની સ્વચ્છતા ઝુંબેશ

(પ્રતિનિધિ) વડોદરા તા.29

મકરપુરા સ્થિત આકાશવાણી વડોદરા દ્વારા તા. ૧૭ સપ્ટેમ્બરથી ૩૧ ઓક્ટોબર સુધી સ્વચ્છતા અભિયાન અંતર્ગત વિવિધ જાગૃતિ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. જેના ભાગરૂપે જનભાગીદારીના ઉદ્દેશ્ય સાથે આકાશવાણી વડોદરા પરિવાર દ્વારા તરસાલી ખાતે આવેલ 'સાંપ્રત એજ્યુકેશન એન્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ'ના પરિસરમાં સ્વચ્છતા ઝુંબેશ યોજાઈ હતી. આકાશવાણી વડોદરાના અધિકારીઓ અને કર્મચારીઓએ સંસ્થાના પરિસર તેમજ આસપાસના વિસ્તારમાં સફાઈ કરી સ્વચ્છતાનો સંદેશ આપ્યો હતો. આ સંસ્થા અનાથ અને દિવ્યાંગ બાળકોની સંભાળ તથા શિક્ષણ માટે ઉમદા કાર્ય કરે છે. આ પ્રસંગે આકાશવાણી પરિવારના સભ્યોએ બાળકો સાથે સમય વિતાવી તેમની સાથે સંવાદ કર્યો હતો તેમજ સંસ્થા દ્વારા બાળકોની સંભાળ અને શિક્ષણ માટે કરવામાં આવી રહેલી સેવાકીય કામગીરીને બિરદાવી હતી.

## પ્રોફેસર ડૉ. શેશાંગ ડી. દેગડવાલાએ ગિનીસ વર્લ્ડ રેકોર્ડ્સમાં સિદ્ધિ હાંસલ કરી

વડોદરા : શહેરની સિગ્મા યુનિ. માં પ્રોફેસર તરીકે ફરજ બજાવતા ડૉ. શેશાંગ ડી. દેગડવાલાએ ગિનીસ વર્લ્ડ રેકોર્ડ્સમાં નામ નોંધાવીને ઈતિહાસ સર્જ્યો છે. જે વિશે માહિતી આપતા સિગ્મા યુનિ.ના ડિપાર્ટમેન્ટ ઓફ કોમ્પ્યુટર એન્જિનિયરિંગના હેડ ડૉ. શેશાંગ દેગડવાલાએ જણાવ્યું હતું કે, ચેન્નાઈ, તમિલનાડુ ખાતે પોતાના પુસ્તક પર હસ્તાક્ષર કરનાર સૌથી વધુ લેખકોની ગિનીસ વર્લ્ડ રેકોર્ડ્સ સિદ્ધિમાં કુલ ૧,૫૭૨ લેખકોએ ભાગ લીધો



હતો. જેમા ભાગ બનવું મારા માટે ગૌરવ અને પ્રેરણાની ક્ષણ હતી. લેખન અને સંશોધન ક્ષેત્રે વધુ ઉત્સાહ સાથે કાર્ય કરવાની આ સિદ્ધિ પ્રેરણા આપે છે. ગિનીસ વર્લ્ડ રેકોર્ડ્સનું પ્રમાણપત્ર પ્રાપ્ત થવું તે ગર્વની વાત છે.


इंडियन बैंक Indian Bank इलाहाबाद ALLAHABAD

રાજમહલ રોડ શાખા :
હાથીપોળ સામે, ગીરીધર ચેમ્બર્સ,
રાજમહલ રોડ, બરોડા-૩૯૦૦૦૧.

**લોકરનું ભાડું નહીં ભરનારને લોકર તોડતા પહેલાની અંતિમ નોટીસ**

જો આ જાહેરાતની તારીખથી ૧૫ દિવસની અંદર ભાડું ચૂકવવામાં નહીં આવે, તો શાખાની અનુકૂળતા મુજબ સંબંધિત લોકર તોડીને ખોલવામાં આવશે. લોકરમાંથી મળી આવતી કોઈપણ વસ્તુઓનું વેચાણ બેંકની પ્રવર્તમાન માર્ગદર્શિકા મુજબ જાહેર હરાજી દ્વારા કરવામાં આવશે. વેચાણમાંથી મળેલી રકમનો ઉપયોગ ખર્ચ અને બાકી ભાડાની ચુકવણી માટે કરવામાં આવશે અને બાકી રહેતી વધારાની રકમ ગ્રાહકને ચૂકવવામાં આવશે.

| Sr.No. | Physical Locker Number | CBS Locker Number | Name of Customer |
|---|---|---|---|
| 1. | 86 | 450188366 | Satyapal Singhal And Aruna Singhal |

તારીખ: ૨૯/૦૯/૨૦૨૬ અધિકૃત અધિકારી, ઈંડીયન બેંક.



**વડોદરા મહાનગરપાલિકા**
www.vmc.gov.in
**પાણી બંધ તથા રોડ બંધ અંગેની અગત્યની જાહેરાત**

આથી, જાહેરા જનતા ને જણાવવાનું કે, વડોદરા મહાનગર પાલિકાની પાણી પુરવઠા વિતરણ શાખા હસ્તકની ૬૦૦ મીમી અને ૩૦૦ મીમી વ્યાસ પાણીની મુખ્ય ડિલીવરી લાઇન લીકેજ રીપેરીંગની કામગીરી ગાય સર્કલ પાસે અકોટા ખાતે તા.૦૧/૧૦/૨૦૨૬ ના ગુરૂવારના રોજ સવારના પાણી વિતરણ બાદ લેવામાં આવશે.

પાણી બંધ અંગેની જાણ – અકોટા ટાંકી ખાતેથી તા.૦૧/૧૦/૨૦૨૬ ના ગુરૂવારના રોજ સાંજના સમયનું પાણી વિતરણ કરવામાં આવશે નહીં તેમજ તા.૦૨/૧૦/૨૦૨૬ ના શુક્રવારના રોજ સવારના સમયનું પાણી વિતરણ હળવા દબાણે, ઓછા સમય માટે તથા વિલંબથી કરવામાં આવશે. જેની આ વિસ્તારના નાગરીકોએ જાણમાં લઇ સાથ સહકાર આપવા વિનંતી છે.

રોડ બંધ અંગેની જાણ – તા.૩૦/૦૯/૨૦૨૬ ના બુધવારના રોજથી તા.૦૪/૧૦/૨૦૨૬ ના રવિવાર સુધી SBI બેંક ઉર્મિ સોસયાટી શાખા, BPC Road થી ગાય સર્કલ સુધીનો રસ્તો બંધ રહેશે અને અન્ય વૈકલ્પિક રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે જેની સદર વિસ્તારના નાગરીકોએ જાણમાં લઇ સાથ સહકાર આપવા વિનંતી છે.

પી.આર.ઓ.નં.૪૪૫/૨૦૨૬-૨૭ કાર્યપાલક ઇજનેર (પાણી પુરવઠા)



**વડોદરા મહાનગરપાલિકા**
**પાણી બંધ અંગેની અગત્યની જાહેરાત**

આથી જાહેર જનતાને જણાવવાનુ કે, વડોદરા મહાનગર પાલિકા હસ્તકની લાલબાગ ટાકી ખાતે તારીખ ૦૧.૧૦.૨૦૨૬ના રોજ બપોરનો ૧૩.૦૦ થી ૧૪.૦૦ કલાકનો દંતેશ્વર ઝોન, ઇન્ડસ્ટ્રીયલ ઝોનનું પાણી સવારે ૧૧.૦૦ થી ૧૨.૦૦ કલાકે આપવામાં આવશે.,તથા સાંજનો ૧૮.૦૦ થી ૧૯.૩૦ કલાકનો જગ્ગનાથ પૂરમ માંજલપુર, વિશ્વામિત્રી તરફના ઝોન બંધ રહેશે. વધુમાં તારીખ. ૦૨.૧૦.૨૦૨૬ના રોજ સવારનો ૫.૦૦ થી ૬.૩૦ કલાકનો દીપ ચંબાર્સ, તુલસીધામ માંજલપુર સવારનો ૭.૦૦ થી ૮.૦૦ કલાકનો SRP પોલીસ લાઇન, નવાપુરા તથા સવારનો ૮.૩૦ થી ૯.૩૦ કલાકનો સિંધવઈમાતા રોડ, બરોડા ડેરી, કુંભારવાડા તેમજ બપોરનો ૧૩.૦૦ થી ૧૪.૦૦ કલાકનો દંતેશ્વર ઝોન તથા ઇન્ડસ્ટ્રીયલ ઝોન બંધ રહેશે,જેની જાહેર જનતાએ નોંધ લેવા તેમજ ઉપરોક્ત જણાવેલ પાણીની ટાકી ખાતેથી પાણી મેળવતા નાગરિકોએ જરૂરી પાણીનો સંગ્રહ કરી કામગીરીમાં સહકાર આપવા વિનંતી છે.

પી.આર.ઓ નં.૫૫૬/૨૦૨૬-૨૭ કાર્યપાલક ઇજનેર(પા.પૂ પ્રોજેક્ટ)



DGVCL
**દક્ષિણ ગુજરાત વીજ કંપની લી.**
CIN: U40102GJ2003SGC042909
અંકલેશ્વર ઔદ્યોગીક વિભાગીય કચેરી
ઓએનજીસી કેમ્પસની સામે, અંકલેશ્વર
ડીજીવીસીએલ ટોલ ફ્રી નં. ૧૮૦૦૨૩૩૩૦૦૩ અથવા ૧૯૧૨૩

**વીજ પુરવઠો બંધ રહેવા અંગેની જાહેરાત**

આથી અમારા માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે નીચે જણાવેલ તારીખ અને સમય દરમિયાન નીચે જણાવેલ ફીડરો પર જેટકો દ્વારા અગત્યનું સમારકામ કરવાનું હોવાથી વીજ પુરવઠો મળશે નહીં.

| ક્રમ | સબ સ્ટેશનનું નામ | ફીડરનું નામ | સબ ડિવિઝનનું નામ | ફીલ્ડ સેન્ટર નંબર | તારીખ અને વાર | સમય |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૬૬ કેવી રંદેરી | ૧૧ કેવી હિન્દુસ્તાન સ્પેસીયાલિટી | અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીયલ/ ઝગડિયા | ૧૯૧૨૩/૮૯૮૦૮૦૩૯૨૯ | ૦૩.૧૦.૨૦૨૬ શનિવાર | ૦૯:૦૦ થી ૧૫:૦૦ |
| ૨ | | ૧૧ કેવી તલોદરા જેજીવાય | | | | |
| ૩ | | ૧૧ કેવી વિઠલકાસ્ટર | | | | |
| ૪ | | ૧૧ કેવી રાહુલ ફેરોમેટ | | | | |
| ૫ | | ૧૧ કેવી ગુજરાત ઓર્ગેનિક | | | | |
| ૬ | | ૧૧ કેવી જય ટાઇલ્સ | | | | |
| ૭ | | ૧૧ કેવી આરતી | | | | |
| ૮ | | ૧૧ કેવી ચેમ્પિયન | | | | |
| ૯ | ૬૬ કેવી અંકલેશ્વર-એ | ૨૨ કેવી ટેલીફોન એક્ષ્ચેન્જ (એ-૨) | અંકલેશ્વર જી.આઈ.ડી.સી. | ૯૮૭૯૨૦૧૬૬૭ | ૦૩.૧૦.૨૦૨૬ શનિવાર | ૦૮:૦૦ થી ૧૫:૦૦ |
| | | ૨૨ કેવી ગુજરાત લાયકા (એ-૩) | | | | |
| | | ૨૨ કેવી સલ્ફ્યુરિક (એ-૧૧) | | | | |
| | | ૨૨ કેવી જીઆઈએલ (એ-૧૪) | | | | |
| ૧૦ | ૧૩૨ કેવી અંકલેશ્વર | ફીડર નં-૯ (સ્ટેશન રોડ) | અંકલેશ્વર ટાઉન | ૮૯૮૦૮૦૩૯૨૭ | ૦૩.૧૦.૨૦૨૬ શનિવાર | ૦૮:૦૦ થી ૧૫:૦૦ |
| ૧૧ | ૬૬ કેવી અંકલેશ્વર અર્બન | ફીડર નં-૨ (જી.એચ.બી) | | | ૦૬.૧૦.૨૦૨૬ મંગળવાર | ૦૮:૦૦ થી ૧૫:૦૦ |
| | | ફીડર નં:-6 (સર્વોદય) | | | | |
| ૧૨ | ૬૬ કેવી અંકલેશ્વર અર્બન | ફીડર નં-૧ (હાંસોટ રોડ) | | | ૦૮.૧૦.૨૦૨૬ ગુરુવાર | ૦૮:૦૦ થી ૧૫:૦૦ |
| | ૧૩૨ કેવી અંકલેશ્વર | ફીડર નં-૧૨ (બાપુ નગર) | | | ૧૦.૧૦.૨૦૨૬ સોમવાર | ૦૮:૦૦ થી ૧૫:૦૦ |

કામ પુર્ણ થયા પછી કોઇપણ જાતની જાણ કર્યા સિવાય વીજપુરવઠો ચાલુ કરવામાં આવશે. જેની જાહેર જનતાએ નોંધ લેવા વિનંતી છે.

કાર્યપાલક ઇજનેર(ઔદ્યોગીક),અંકલેશ્વર

"એમ.સી.બી./ઈ.એલ.સી.બી./આર.સી.સી.બી. લગાવી વીજળી ના ઝટકા થી બચો અને વીજ અકસ્માત ટાળો"